પ્રકરણ - (૪)

## પ્રવૃત્તિવિધાન :

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના ૧૪ માં અધ્યાયમાં, નાટ્યપ્રયોગ વધારેને વધારે યથાર્થ તથા રસાનુગ્રાહક બને તે માટે પ્રવૃત્તિવિધાનનું નિરુપણ કર્યુ છે.

### પ્રવૃત્તિ : પરિભાષા અને સ્વરુપ

પ્રવૃત્તિ શબ્દ પોતાના વ્યુત્પત્તિલભ્ય અર્થ - પ્ર + વૃત્ત + ક્તિન્ -ઉપરાંત અન્ય અનેક અર્થ પ્રગટ કરે છે, બુધ્ધિ તથા કર્મેન્દ્રિયોની ચેષ્ટાઓ, શરીરના લીલા વિલાસ વિગેરે વ્યાપાર, મનના હાવ અને હેલા વિગેરે વિકાર, આલાપ તથા વિલાપ વિગેરે વાગ્વ્યાપાર, મનુષ્યની પાપ-પુણ્ય વૃત્તિ વિગેરે. પરંતુ ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં વિશિષ્ટ પારિભાષિક સંજ્ઞારુપે પ્રવૃત્તિ શબ્દ પ્રયોજ્યો છે.

નાટ્યપ્રયોગના સંદર્ભમાં પ્રવૃત્તિની પરિભાષા નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'' પૃથિવ્યાં નાનાદેશવેષ ભાષાચાર વાર્તા: ખ્યાપયતીતિ પ્રવૃત્તિ: ॥ (અધ્યાય-૧૪)

પૃથ્વી ઉપરના વિવિધ પ્રકારના દેશ, વેશ, ભાષા, આચાર અને વાર્તા અર્થાત કાર્ય વ્યવહાર અથવા વૃતાન્ત જે સૂચવે તે પ્રવૃત્તિ.

અભિનવગુપ્તની ટીકા અનુસાર દેશદેશમાં નેપથ્ય અર્થાત્ વસ્ત્રાદિ, ભાષા, આચાર, અર્થાત લૌકિક અને શાસ્ત્રી વહેવાર, વાર્તા અર્થાત્ કૃષિ, પશુપાલન, વાણિજ્ય વિગેરે આજીવિકાઓ અથવા વૃતાન્તને સૂચવે તે પ્રવૃત્તિ. ચાર પ્રકારની પ્રવૃત્તિઓને મનુષ્યની બાહ્ય પ્રવૃત્તિ-સભ્યતા જાણવાનું મહત્વનું સાધન તેમણે ગણાવ્યું છે.

નાટ્યપ્રયોગમાં યથાર્થતા લાવવા માટે પાત્રને દેશ તથા અવસ્થાનુરુપ ભાષા, વેશભુષા, તથા વ્યવહાર ધ્વારા પ્રસાધિત કરવું અનિવાર્ય છે. તેનાથીજ પાત્રને વિશિષ્ટ વ્યક્તિત્વ પ્રાપ્ત થાય છે. પ્રવૃત્તિવિધાન ધ્વારા ભરતમુનિએ ભારતના વિવિધ જનપદોની બોલીઓ, આચાર અને વ્યવહારનું સંયોજન રંગમંચના માધ્યમ વડે રજુ કર્યું છે. આના ઉપરથી એવું અનુમાન થઇ શકે કે ભરતમુનિના સમયમાં પાત્રોને રજુ કરતી વેળા તેમના બાહ્ય રુપ

રંગ, આચાર વ્યવહારની પ્રાદેશિક લાક્ષણિકતાઓ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવતું. પ્રવૃત્તિની પરિભાષા આપવા ઉપરાંત ભરતમુનિએ પ્રવૃત્તિના ચાર ભેદ અને તેનું ઔચિત્ય આ પ્રમાણે નિરુપ્યું છે.

## પ્રવૃત્તિના ચાર ભેદ અને તેનું ઔચિત્ય

ભરતમુનિના કથન અનુસાર નાટ્યપ્રયોક્તાજનની માન્યતા પ્રમાણે પ્રવૃત્તિના ચાર ભેદ છે. (૧) આવન્તી (૨) દાક્ષિણાત્યા (૩) પાંચાલી તથા (૪) ઓઢ્ર-માંગધી.

ચતુર્વિધા પ્રવૃત્તિશ્ચ પ્રોક્તા નાટ્યપ્રયોક્તૃભિ:<br>
આવન્તી દાક્ષિણાત્યા ચ પાંચાલી ચોઢ્ર માંગધી ॥<br>
(અધ્યાય ૧૪ શ્લોક ૩૬)

પૃથ્વી ઉપર અનેક દેશ હોવાને લીધે પ્રવૃત્તિઓના અનેક નહીં અને ચારજ ભેદ કેમ એ પ્રશ્નના ઉત્તરમાં ભરતમુનિ જણાવે છે કે મનુષ્યોના દેશ, વેશ, ભાષા તથા રુઢિગત વ્યવહાર ભિન્ન હોવાને લીધે તેમજ વિવિધ દેશી પ્રજાની રુચિ અનુસાર ભારતી, સાત્વતી, કૈશિકી તથા આરભટી નામની ચાર વૃત્તિઓના આધારે નાટ્યપ્રયોગ માટે પ્રવૃત્તિઓની સંખ્યા પણ ચારની માની છે. એટલે તેના આધારે પ્રવૃત્તિઓના પણ ચાર ભેદ માનવામાં આવ્યા છે જેમાં સમસ્ત નાટ્યપ્રયોગનો સમાવેશ થઇ શકે છે.

આમ ભરતમુનિ ચાર વૃત્તિના આધારે પ્રવૃત્તિના ચાર ભેદ ગણાવે છે.

'' વૃત્તિસંશ્રિતૈશ્ચ પ્રયોગૈરભિહિતા દેશા:યત: પ્રવૃત્તિચતુષ્ટયમભિનિવૃત્ત પ્રયોગશ્ચોત્પાદિત: ॥''

પ્રવૃત્તિનો આધાર દેશ, વેષ તથા ભાષા સાથે હોવા છતાં તેના ચારજ ભેદ કેમ તેનું કારણ જણાવતાં અભિનવગુપ્ત કહે છે કે 'નાટ્ય ચિત્તવૃત્તિ પ્રધાન હોય છે જેમાં અનેક માનવીય મનોદશાઓને નાટ્યરુપ આપવું પડે છે, જેમાં દેશ, ભાષા, વેષ તેમજ આચાર સહાયક બને છે પરંતું જો પ્રવૃત્તિઓને અસંખ્ય માની તેનું અનેક પ્રકારે વર્ગીકરણ કરવામાં આવે તો તેનો અભ્યાસ તથા તાલીમ શક્ય બનતા નથી. આથી વિભિન્નતામાં પણ સમાન લક્ષણોનાં આધારે પ્રધાનપણે પ્રવૃત્તિઓના ચારજ ભેદ ગણાવવામાં આવ્યા છે. વિભિન્ન દેશ અને પ્રાન્તોની

અનેકરુપતાની સાથે બાહય જીવનના પ્રતીક સમા ભાષા, વેશભુષા તથા ક્રિયાવ્યવહાર પણ અનેકગણા હોય છે. પરંતુ આ અનેકતાની વચ્ચે પણ તેમાં પરસ્પર સામ્ય રહે છે. તે પરસ્પર એક બીજાથી કેટલેક અંશે ભિન્ન હોવા છતાં પણ એક હોય છે. આ પારસ્પરિક સામ્યને દૃષ્ટિમાં રાખી ચારજ પ્રવૃત્તિઓ જણાવવામાં આવી છે. પ્રત્યેક પ્રવૃત્તિ અંતર્ગત કેટલાક એવા દેશોની ભાષા અને વેશભુષા વિગેરે ગણાવવામાં આવ્યા છે જે એક બીજા સાથે સામ્ય ધરાવે છે.

જયાં એક પ્રદેશથી બીજા પ્રદેશના લોકજીવનમાં પ્રવૃત્તિગત સ્પષ્ટ ભિન્નતા હતી, ત્યાં એકજ પ્રદેશવિશેષના નિવાસીઓમાં પ્રવૃત્તિગત એકરુપતા લાવવામાં વિભિન્ન પ્રાકૃતિક સીમાઓએ પણ પોતાનો ફાળો આપ્યો હતો. અને આ સામ્યને ધ્યાનમાં રાખીનેજ પ્રવૃત્તિ તત્વનો આવિષ્કાર કરવામાં આવ્યો હતો. વિશિષ્ટ ભૌગોલિક તથા પ્રાકૃતિક સીમાઓથી ઘેરાયેલા જનસમુહોમાં સામાન્યપણે ઉપલબ્ધ ભાષા, વેશભુષા, આચાર-વ્યવહાર વિગેરેના આધારે એક એક વિશિષ્ટ પ્રવૃત્તિનું નામકરણ કરવામાં આવ્યું હતું. એટલે ભરતમુનિએ પ્રવૃત્તિ તત્વના ઉદ્ભાવન તથા પ્રતિષ્ઠામાં 'સામાન્યત્વ' ઉપર વધારે ભાર મુકયો છે. પ્રત્યેક વ્યકિતની નિજી ચારિત્રિક વિશેષતાઓના વિશ્લેષણ પર નહીં તે ધ્યાનમાં લેવું ઘટે.

ભરતમુનિએ પ્રવૃત્તિના પ્રત્યેક ભેદના લક્ષણ તથા વિનિયોગ આ પ્રમાણે નિરુપ્યા છે.

પ્રવૃત્તિ
-----------------
ભેદ, લક્ષણ, વિનિયોગ

ભરતમુનિએ પ્રવૃત્તિના મુખ્ય ચાર ભેદ માન્યા છે. (૧) દાક્ષિણાત્યા (૨) આવન્તી (૩) ઔડ્રમાગધી (૪) પાંચાલમધ્યમાં. (અધ્યાય ૧૪ શ્લોક ૬૬)

ભરતમુનિએ કરેલું પ્રવૃત્તિ સંબંધી વિભાજન ભરત-કાલીન ભારતના ભૌગોલિક વિભાજન તથા વેશભુષા સંબંધી લોકવ્યવહાર ઉપર આધારિત છે. કેટલાયે જનપદોને એક સાથે મુકી એક મોટા ભૂભાગ માટે એક પ્રવૃત્તિનો મુખ્યપણે ઉપયોગ થાય છે. તેના દ્વારા તે પ્રવૃત્તિની પ્રધાનતાનું સુચન થાય છે. દેશના કોઇ મોટા ભુભાગમાં શૃંગારની પ્રધાનતા હોય છે તો કોઇ ભાગમાં ધર્મની. આવા સર્વ વિવિધ વિશેષતાઓ વડે પૂર્ણપણે પ્રસાધિત

થઇ પાત્ર રંગમંચ ઉપર રજુ થાય છે. પાત્રની વેશભુષા, ભાષા અને વ્યવહાર વિગેરે તેને અન્ય પાત્રોથી અલગ તારવે છે. વસ્તુત: વેષ અને ભાષા પાત્રના પ્રદેશભેદનેજ નહિ પરંતુ સ્વભાવભેદનો પણ સંકેત કરે છે. આમ ભરતમુનિએ વિવિધ જનપદોને તેમના સમાન લક્ષણોના આધારે, તેમની વચ્ચે રહેલી ગૌણ અસમાનતાઓને ધ્યાનમાં ન લેતા મુખ્ય ચાર ભાગમાં વિભાજિત કર્યા છે અને તદાનુસાર પ્રવૃત્તિભેદ નિરુપ્યા છે. આ મુખ્ય ચાર ભાગ તે (૧) પૂર્વ (૨) પશ્ચિમ (૩) દક્ષિણ અને (૪) ઉત્તર. અને તદાનુસાર ચાર પ્રવૃત્તિ તે (૧) પૂર્વ સાથે સંકળાયેલ ઔડ્ર માગધી (૨) પશ્ચિમ સાથે સંકળાયેલ આવંતિકા (૩) ઉત્તર સાથે સંકળાયેલ પાંચાલ મધ્યમા અને (૪) દક્ષિણ સાથે સંકળાયેલ દાક્ષિણાત્યા.

આમ ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર'માં ભારતવર્ષને ભૌગોલિક દૃષ્ટિએ ચાર મુખ્ય ભાગોમાં વિભક્ત કર્યો છે. (૧) દક્ષિણાપથ (૨) આવન્તિક (૩) ઉડ્ર મગધ તથા (૪) પાંચાલમધ્ય. દક્ષિણાપથની ભૌગોલિક સીમા હતી - વિન્ધ્યપર્વતથી લઇને દક્ષિણ સમુદ્ર સુધી. ભરતમુનિના યુગમાં તેમાં અન્તર્ભુત પ્રદેશ હતા - કોશલ, તોશલ, કલિંગ, મોશલ, દ્રવિડ, આન્ધ્ર, મહારાષ્ટ્ર વિગેરે. તેમાં વ્યાપ્ત પાંચ મુખ્ય પર્વત હતા - મહેન્દ્ર, મલય, સહય, મેખડ અને કાલપંજર. આવન્તિકમાં અન્તર્ભુત પ્રદેશો હતા - વિદિશા, સુરાષ્ટ્ર, માલવ, સિન્ધુ, સુવીર, અનાર્ત, દશાર્ણ, ત્રિપુર, માર્તિક તથા અર્બુદ પર્વતનો આસપાસનો પ્રદેશ. ઉડ્રમગધમાં અંગ, વંગ, કલિંગ, વત્સ, ઉડ્ર, મગધ, પુંડ્ર, નેપાળ, હિમાલયની આસપાસનો પ્રદેશ તથા બ્રહ્મપુત્રની ઉત્તરે આવેલો માર્ગવ, પ્રાગ્જોતિષ તેમજ પુલિંદ, વિદેહ, તામલિપ્તક પ્રદેશોનો સમાવેશ થતો હતો. આ ભૂ-ભાગમાં વ્યાપ્ત દેશોને ઉડ્ર અને મગધ જોડે સંકળાયેલા માની તેનો ઉડ્ર-મગધી' વર્ગ બનાવવામાં આવ્યો હતો. 'પચાલમધ્ય'માં પાંચાલ, શુરસેન, કાશ્મીર, હસ્તિનાપુર, વલ્હીક, શાકલ, મુદ્રક તથા ઉશીનર પ્રદેશોનો સમાવેશ થતો હતો. આવા વિશાળ ભારતવર્ષમાં વ્યાપ્ત આ વિવિધ પ્રદેશોની ભાષાઓ ભિન્ન ભિન્ન હતી. વેશભુષા જુદી જુદી હતી. આચાર-વ્યવહારમાં એકરુપતા નહોતી, કૃષિ, પશુપાલન, વ્યાપાર વિગેરે આજીવિકાના સાધનોમાં વિવિધતા હતી, સંપૂર્ણ ભારતમાં સાત પ્રકારની ભાષાઓ પ્રચલિત હતી - માગધી, અવન્તિજા, પ્રાચ્યા, શૌરસેની, અર્ધ માગધી, બાહ્લીકા, દાક્ષિણાત્ય વિગેરે

તથા શબીર, આભીર, ચણ્ડાલ, દ્રવિડ વિગેરે અનેક વિભાષાઓનો પણ જનજીવનમાં પ્રયોગ થતો હતો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શુદ્ર - આ ચાર વર્ણો ઉપરાંત અનેક પછાત જનજાતિઓની બોલીઓને પણ નાટ્યકળામાં સ્થાન આપવામાં આવ્યુ હતું. આ બધાનું સમ્યક્ જ્ઞાન - 'લોકાનુકરણ'ના પાયા ઉપર અધિષ્ઠિત નાટ્ય માટે અત્યંત જરુરી હતું. એટલે નાટ્યપ્રયોગ ઉપર દૃષ્ટિ કેન્દ્રિત કરી તેમાં સમૃધ્ધિ અને પરિપૂર્ણતા લાવવા માટે ઉપરોક્ત ચાર મુખ્ય ભૌગોલિક વિભાગોને આધારરુપ ગણી તેના ઉપર પ્રવૃત્તિઓની સ્થાપના કરવામાં આવી હતી.

ભરતમુનિએ પ્રત્યેક પ્રવૃત્તિનું સ્વરુપ આ પ્રમાણે નિરુપ્યુ છે.

દાક્ષિણાત્યા

ભરતમુનિના કથન અનુસાર દાક્ષિણાત્યા પ્રવૃત્તિ શૃંગારપ્રધાન હોય છે. દક્ષિણ દેશવાસી નૃત્ત, ગીત અને વાદ્યપ્રિય હોય છે તથા તેમનો આંગિક અભિનય ચતુર, મધ્ય અને લલિત હોય છે અને તે કૈશિકીવૃત્તિ સાથે સંકળાયેલ હોય છે. દાક્ષિણાત્ય દેશ અંતર્ગત દક્ષિણના સર્વ દેશોનો સમાવેશ થાય છે. મહેન્દ્ર, મલય, સહ્ય, મેકલ અને કાલમંજર (વર્તમાન કાલંજર) પર્વતો વચ્ચે સ્થિત સમગ્ર પ્રદેશ દક્ષિણાપથ કહેવાય છે. (શ્લોક ૩૭) આ ઉપરાંત કોસલ, તોસલ, કલિંગ, યવન, ખસ, દ્રમિલ (દ્રવિડ), આન્ધ્ર મહારાષ્ટ્ર, વૈણ્ણ (કૃષ્ણા તથા પિનાકીની નદીના કિનારે તથા નિકટના પ્રદેશના નિવાસીઓ) તથા વિંધ્યા અને દક્ષિણ સમુદ્ર વચ્ચેનો સમગ્ર પ્રદેશ પણ દાક્ષિણાત્યા છે. (શ્લોક ૩૮-૩૯)

વેશભુષા, ભાષા, આચાર અને વ્યવહારની દૃષ્ટિએ આ પ્રદેશના વાસીઓ પરસ્પર અતિ સામ્ય ધરાવે છે અને તેથી આ સર્વ વાસીઓ માટે એકજ 'દાક્ષિણાત્યા' પ્રવૃત્તિનું વિધાન ભરતમુનિએ કર્યું છે.

દાક્ષિણાત્યા પ્રવૃત્તિ સુકુમારતાવાળી હોવાથી તે 'વૈદર્ભી રીતિ'થી સામ્ય ધરાવે છે. વિદર્ભ પ્રાન્ત દાક્ષિણાત્ય રુપે પણ પ્રસિધ્ધ છે.

દાક્ષિણાત્યા પ્રવૃત્તિ સુકુમારતાવાળી હોવાથી 'વૈદર્ભી રીતિ' થી સામ્ય ધરાવે છે. વિદર્ભ પ્રાન્ત દાક્ષિણાત્ય રુપે પણ પ્રસિધ્ધ છે.

દાક્ષિણાત્યા પ્રવૃત્તિનો ઉલ્લેખ કાલિદાસના 'માલવિકાગ્નિમિત્ર' નાટકના પાંચમાં અંકમાં મળે છે. દેવી ધારિણી પંડિતા કૌશિકાને આહ્વાન આપે છે કે જો તેને પ્રસાધન શૈલીનું અભિમાન હોય તો માલવિકાનો શણગાર 'વૈદર્ભી નેપથ્ય વિધિ' પ્રમાણે કરે. અહીં 'વૈદર્ભી વિવાહ નેપથ્ય' શબ્દ દાક્ષિણાત્યા વેશભુષાનું સુચન કરે છે.

કુન્તકના 'વક્રોકિતજીવિત' માં દાક્ષિણાત્યોની સંગીત વિષયક સુસ્વરતા અને ધ્વનિની સહજ રમણીયતાનો ઉલ્લેખ મળે છે. રાજશેખરે 'કાવ્ય મીમાંસા'માં કાવ્ય પુરુષ અને સાહિત્ય વિધાવધુના વિવાહની કલ્પના વિદર્ભદેશની રાજધાની વત્સગુલ્મમાં કરી છે. વળી રાજશેખરે 'કર્પૂરમંજરી'ની 'નાન્દી'માં વૈદર્ભીરીતિની સમાન્તરે વત્સગુલ્મી શૈલીનો ઉલ્લેખ પણ કર્યો છે.

આવન્તી / આવંતિકા

ભરતમુનિના કથન અનુસાર આવંતિકા પ્રવૃત્તિ અવન્તી, વિદિશા, સૌરાષ્ટ્ર, માલવ, સિન્ધુ, સૌવીર, આર્બુદ, દશાર્ણ, ત્રિપુર, મૃત્તિકાવત્ પ્રદેશોના વાસીઓની ભાષા વેશભુષા તથા આચાર વિચાર સાથે સંબંધ ધરાવે છે. (શ્લોક ૪૦-૪૧) એટલે જ્યારે આ પ્રદેશોના પાત્ર નાટ્યપ્રયોગમાં પ્રસ્તુત કરવામાં આવે તો તેમની વેશભુષા તથા ભાષા તદાનુસાર રહે છે. ભરતમુનિના મતે તેમાં સાત્વિકી તથા કૈશિકી વૃત્તિનો સમન્વિત પ્રયોગ થાય છે. (શ્લોક ૪૨) 'આહાર્ય અભિનય' અંતર્ગત ભરતમુનિએ અવન્તી પ્રદેશના સ્ત્રીપાત્રોના વાળ વાંકડિયા-કુન્તલ કેશવિન્યાસ - રાખવાનું સુચવ્યું છે કારણ કે નાટ્યપ્રયોગમાં દેશજ વેષ મહત્વનો હોય છે. (અધ્યાય ૨૩ શ્લોક ૬૭ ) આવન્તી ધર્મ અને શૃંગાર પ્રધાન હોવાને કારણે સાત્વિકી અને કૈશિકી વૃત્તિનો સમન્વય ભરતમુનિએ સુચવ્યો છે.

ઓડ્રમાગધી

ભરતમુનિના કથન અનુસાર અંગ, બંગ, કલિંગ, વત્સ, ઓડ્રમાગધ, પૌણ્ડ્ર, નેપાલ

વિગેરે પર્વતો વચ્ચેનો તથા બહારનો પ્રદેશ, મલય, બ્રહ્મોત્તર, પ્રાગજ્યોતિષ, પુલિંદ, વિદેહ અને તામ્રલિપ્ત પ્રદેશવાસી પાત્ર ઔડ્રમાગધી પ્રવૃત્તિનો પ્રયોગ કરે છે. આ પ્રવૃત્તિનો પ્રયોગ પૂર્વદિશાના અન્ય પ્રદેશવાસીઓ દ્વારા પણ થાય છે. (અધ્યાય ૧૪ શ્લોક ૪૩ થી ૪૬) તેમાં આડંબર પ્રધાન ઘટાટોપ વાકયોનો પ્રચુર માત્રામાં પ્રયોગ થાય છે. એટલે ભારતી અને આરભટી વૃત્તિઓનો તેમાં સમન્વય થાય છે. (શ્લોક ૪૭)

પ્રાચ્ય દેશની સીમા દક્ષિણમાં સમુદ્ર તટવર્તી પ્રદેશો સુધી અને ઉત્તરમાં મગધ સુધીની હતી. આ બંનેની મધ્યમાં હોવાથી ઔડ્રમાગધી કહી છે. આ પ્રવૃત્તિ આન્ધ્ર અને કલિંગ બંને પ્રદેશો માટે ઉપજાવ્ય છે. નિકટતાને લીધે બંને પ્રવૃત્તિઓનું એકીકરણ કરવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિ અંતર્ગત જે પ્રદેશોના નામો ગણાવવામાં આવ્યા છે તેનો ઉલ્લેખ થોડા ફેરફાર સાથે પુરાણોમાં પણ મળે છે.

## પાંચાલ મધ્યમા

ભરતમુનિના કથન અનુસાર પાંચાલ, શુરસેન, કાશ્મીર, હસ્તિનાપુર, વાહિલક, શાકલ, મદ્ર, કુશીનર, હિમાલયવાસી અને ગંગાની ઉત્તર દિશામાં આશ્રિત જનપદ વાસીઓ માટે પાંચાલમધ્યમાં પ્રવૃત્તિ ઉપયોગી થાય છે. (અધ્યાય ૧૪ શ્લોક ૪૭-૪૮)

આ પ્રવૃત્તિમાં સાત્વતી અને આરભટી વૃત્તિઓનું પ્રાધાન્ય રહે છે. તેના વ્યવહારમાં ગીતની ન્યુનતા તથા અસામાન્ય ગતિ તથા પાદ સંચાલનની અધિકતા રહે છે. (શ્લોક ૪૯)

ભરતમુનિની દૃષ્ટિએ આ પ્રદેશવાસીઓમાં ગીતપ્રયોગની અલ્પતાને કારણે કૈશિકી વૃત્તિનો પ્રયોગ થતો નથી. (શ્લોક ૪૯ ખ)

## પ્રવૃત્તિ અને પાત્રપ્રવેશ

ભરતમુનિએ પ્રવૃત્તિ અનુસાર પાત્ર પ્રવેશ અંગે પણ વિધાન કર્યું છે. તેમના મત પ્રમાણે પ્રવૃત્તિ અનુસાર રંગપીઠ ઉપર થતું પરિક્રમણ બે પ્રકારે થાય છે, મંચની જમણી બાજુથી પ્રવેશ કરી અને મંચની ડાબી બાજુથી પ્રવેશ કરી. (શ્લોક ૫૦)

રંગમંચ ઉપર જ્યારે દ્વારની સુવિધા ના હોય અર્થાત ખુલ્લા રંગમંચ ઉપર નાટ્યપ્રયોગ થતો હોય ત્યારે આવન્તી અને દાક્ષિણાત્ય પ્રવૃત્તિના પાત્ર દક્ષિણ પાર્શ્વથી અને પાંચાલમધ્યમા તથા ઔડ્રમાગધી પ્રવૃત્તિના પાત્ર વામ પાર્શ્વથી રંગમંચ ઉપર પ્રસ્તુત થાય છે. (શ્લોક ૫૧)

રંગમંચ ઉપર જ્યારે દ્વારની સુવિધા હોય અર્થાત બંધ નાટ્યગૃહમાં નાટ્યપ્રયોગ થતો હોય ત્યારે આવન્તી અને દાક્ષિણાત્ય પ્રવૃત્તિના પાત્રોએ ઉત્તર દિશાના દ્વારથી તથા પંચાલી અને ઔડ્રમાગધી પ્રવૃત્તિના પાત્રોએ દક્ષિણ દિશાના દ્વારથી રંગમંચ ઉપર પ્રવેશ કરવો જોઇએ. (શ્લોક ૫૨)

અભિનવગુપ્ત ભરતમુનિના આ વિધાનોને વધુ સ્પષ્ટ કરી આપતા જણાવે છે કે દાક્ષિણાત્યા પ્રવૃત્તિના પાત્રએ ઉત્તર દિશાના દ્વારેથી પ્રવેશ કરી પશ્ચિમ દિશામાં પરિક્રમણ કરી પછી અનુક્રમે દક્ષિણ, પુર્વ અને ઉત્તર દિશામાં પરિક્રમણ કરવું જોઇએ. આત્મનિવેદન પછી અનુક્રમે ઉત્તર, પૂર્વ, દક્ષિણ તથા પશ્ચિમ દિશામાં પરિક્રમણ કરી ઉત્તર દિશાના દ્વારેથી નિષ્ક્રમણ કરવું જોઇએ. પંચાલી પ્રવૃત્તિના પાત્રે વિપરીત ક્રમ રાખી દક્ષિણ દ્વારેથી પ્રવેશ અને નિષ્ક્રમણ કરવાં જોઇએ. દક્ષિણ દ્વારથી કરવામાં આવતો પ્રવેશ આભ્યન્તરકક્ષામાં સ્થિત પાત્રની નજીકજ થાય છે. આ પ્રક્રિયા અપસવ્ય પ્રવેશમાં પણ થાય છે.

## પ્રવૃત્તિઓનો સમન્વય

ભરતમુનિના કથન અનુસાર આ વિભિન્ન પ્રકારની પ્રવૃત્તિઓનો સમન્વય નાટ્યપ્રયોગમાં નાટ્યસભા, દેશ, કાળ અને અર્થયુક્તિના આગ્રહથી થાય છે. (અધ્યાય ૧૪ શ્લોક ૫૩) પરંતું સમન્વય થવા છતાં પણ દેશભેદ અનુસાર કેટલીક પ્રવૃત્તિઓ પ્રધાન હોય છે તો કેટલીક ગૌણ. જે પ્રવૃત્તિઓનું વિધાન જે વિશિષ્ટ દેશો માટે કરવામાં આવ્યું હોય તેનો પ્રયોગ તદાનુરુપજ અપેક્ષિત હોય છે.

યેષુ દેશેષુ યા કાર્યા પ્રવૃત્તિઃ પરિકીર્તિતા ।

તદ્દૃત્તિવર્ગાનિ રુપાણિ તેષુ તજ્જ્ઞઃ પ્રયોજયેત ॥ (અધ્યાય ૧૪ શ્લોક ૫૪)

જો નાટિકાનો પ્રયોગ થતો હોય અને નાયક કાશ્મીર દેશનો હોય તો ભરતમુનિના પ્રવૃત્તિવિધાન અનુસાર નાટિકા અને કાશ્મીરી નાયકનો સમન્વય સંભવિત નથી. નાટિકા કૈશિકી પ્રધાન રુપક હોવાથી દાક્ષિણાત્ય નાયક તેના માટે વધુ યોગ્ય ગણાય. અભિનવગુપ્ત સ્પષ્ટપણે જણાવે છે કે જે દેશમાં જે પ્રવૃત્તિ હોય તેને અનુરુપ રુપકોમાં વૃત્તિ રહેવી જોઇએ. જે પ્રદેશમાં અથવા દેશમાં જે વૃત્તિની ઉપયોગ થતો હોય અથવા જે વૃત્તિમાં જનસમુદાય રુચિ લેતો હોય તેૈ ત્યાં પ્રસ્તુત થતા નાટકાદિમાં એજ દેશનો નાયક અથવા અન્ય પ્રવૃત્તિઓનું પ્રાધાન્ય આપી નાટ્યપ્રયોગ રજુ કરવો જોઇએ. આ કાર્ય કવિગણ પોતાની રચનામાં તથા પ્રયોકતાગણ પોતાના પ્રયોગના પ્રસ્તુતીકરણમાં કોઇપણ અપવાદ વિના અવશ્ય રાખે.

નાટ્યપ્રયોગ દરમ્યાન દેશ, કાળ, અવસ્થા વિગેરેને અનુરુપ પ્રવૃત્તિવિધાન થવાથી રસાસ્વાદ સંભવે છે. અન્યથા યથાવત્ સામંજસ્ય ન થવાથી નાટ્યની સમગ્ર પરિકલ્પના નીરસ અને અનુભૂતિશુન્ય બની જાય છે. એટલે પ્રવૃત્તિની પ્રધાનતાને દૃષ્ટિમાં રાખી તે દેશના નાયકની યોજના કરવી જોઇએ અને પાત્રની પણ, કારણ નાટ્યપ્રયોગ સમયે બાહય પરિવેશ અને પ્રતિભાના યોગ વડે પાત્ર પ્રેક્ષકના હૃદયમાં ભાવાનુપ્રદર્શન કરે છે એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

## પ્રવૃત્તિ અને વૃત્તિ

ભરતમુનિએ પ્રવૃત્તિઓનું વિભાગીકરણ મુખ્યત્વે વૃત્તિઓના આધારે કર્યુ છે. દાક્ષિણાત્યા પ્રવૃત્તિમાં કૈશિકી વૃત્તિ, આવન્તી પ્રવૃત્તિમાં સાત્વિકી અને કૈશિકી વૃત્તિઓનો સમન્વય, ઓડ્માગધી પ્રવૃત્તિમાં ભારતી તથા આરભટી વૃત્તિઓનો સમન્વય તથા પાંચાલ મધ્યમાં પ્રવૃત્તિમાં સાત્વિકી અને આરભટી વૃત્તિઓનો સમન્વય ભરતમુનિએ સુચવ્યો છે.

વૃત્તિ પાત્રની શારીરિક તથા માનસિક અવસ્થાઓ જોડે સંબંધિત છે જ્યારે પ્રવૃત્તિ પાત્રની વેશભુષા, વ્યવહાર વિગેરે સાથે સંબંધીત છે. વૃત્તિ વ્યકિતની અન્તસ્થેતના

તથા પ્રવૃત્તિ વ્યક્તિની બાહય અભિવ્યક્તિ છે. આ વિશે વિસ્તૃત ચર્ચા નાટ્યવૃત્તિ પ્રકરણ અંતર્ગત કરવામાં આવી છે.

Smt. Hansa Mehta Library, The M.S. University of Baroda

## પ્રવૃત્તિ વડે દેશભિન્નતા અને સ્વભાવભિન્નતાનું સુચન

અભિનવગુપ્તના કથન અનુસાર નાટ્યપ્રયોગ ચિત્તવૃત્તિ પ્રધાન હોય છે. ચિત્તવૃત્તિના પ્રાધાન્યમાં વેશભૂષા વિગેરેનો પ્રયોગ સહાયક બને છે. વેશ તેમજ ભાષાભેદ વડે દેશભેદ અને દેશભેદથી સ્વભાવભેદ નાટયાચિત કરવાનો ભરતમુનિનો મુળ ઉદ્દેશ્ય છે. સ્વભાવભિન્નતાના આધારેજ ઉદ્ધત કે મૃદુલલિત વૃત્તિઓ નિર્ધારિત થાય છે. દેશ અને સ્વભાવભિન્નતા અનુસાર કોઇ પાત્રમાં સુકુમારતા અને લાલિત્યનું પ્રાધાન્ય હોય છે તો કોઇ પાત્રમાં વાગાડમ્બરનું, કોઇ પાત્રમાં સાત્વિકતાનું તો કોઇ પાત્રમાં યુધ્ધપ્રિયતાનું. સ્વભાવભિન્નતાનું કારણ ઘણીવાર દેશભિન્નતા પણ હોય છે. દા.ત. ગુજરાતીઓ વાણિજ્યપ્રિય, પંજાબીઓ યુધ્ધપ્રિય અને બંગાળીઓ કલાપ્રિય હોય છે. ભરતમુનિની વ્યાપક નાટ્યદૃષ્ટિ અનુસાર નાટકમાં દેશગત એવી સ્વભાવભિન્નતા સદા સુનિયોજિત હોવી જોઇએ. અભિનવગુપ્ત તેનું સમર્થન કરતાં જણાવે છે કે -

> 'અનાદિરયં દેશભેદેન ચિત્તવૃત્તિ ક્રમ: । દૃષ્ટો હિ વસ્તાભરણાત્મના
> દેશભેદોચિત: સ્વભાવભેદ: ॥''

## પ્રવૃત્તિની ઉપયોગિતા

આરંભમાં નાટ્ય દેવદાનવોના પારસ્પરિક સંઘર્ષની ઘટનાઓના અનુકરણ ઉપર આધારિત હતું. કાલાન્તરે તે કેવળ દેવદાનવોના સંઘર્ષના અનુકરણ સુધી મર્યાદિત ન રહેતાં તે ઉપરાંત સપ્તદ્વીપ અને ત્રૈલોકયના નિવાસીઓના ઉત્તમ, મધ્યમ તથા અધમ સ્વભાવોનું પણ અનુકરણ કરવા સુધી વિસ્તૃત થયું. એટલે વ્યક્તિગત, દેશ તથા જાતિગત, ભાષા તથા વેશભુષાગત વિવિધતાઓનું પ્રદર્શન તથા નિયમન, બંને જરુરી બન્યાં. વ્યક્તિ, વસ્તુ, તથા

ધ્વોપધ્વોપાન્તરોની આચાર વ્યવહારગત વ્યાપકતાને નાટ્યપ્રયોગની સીમામાં આવર્તિત કરવા માટે પ્રવૃત્તિતત્વનો આવિષ્કાર થયો, જેના આધારે 'ભારતવર્ષ'ના વિભિન્ન પ્રાંતો, ત્યાંના નિવાસીઓ, તેમની વેશભુષા, ભાષા, રહેણીકરણી, આચાર-વ્યવહાર વિગેરેને નાટ્યપ્રયોગની દૃષ્ટિએ વર્ગીકૃત તથા અન્તર્વિશ્લેષિત કરવામાં આવ્યા.

વર્તમાન યુગની સરખામણીમાં 'નાટ્યશાસ્ત્ર' યુગીન ભારતવર્ષ ભૌગોલિક દૃષ્ટિએ અત્યંત વિશાળ હતો. તેના નિવાસીઓમાં વિવિધતા હતી. કોઇ પ્રદેશમાં દૈત્ય, દાનવ તથા રાક્ષસોનું બાહુલ્ય હતું તો કોઇ પ્રદેશમાં દેવોનું. ક્યાંક સાધુ સ્વભાવયુક્ત માનવો રહેતા હતાં તો ક્યાંક ઉધ્ધત્ 'શૌર્યવીર્યબલાન્વિતો' ની સંખ્યા વિશાળ હતી. નાટ્યશાસ્ત્ર અનુસાર કૈલાસપર્વતની પાસે યક્ષ અને ગુહ્યક, હિમાલયમાં રાક્ષસ, ભુત અને પિશાચ, હેમકુટમાં ગંધર્વ તથા અપ્સરા, નિષધ પર્વતની પાસે શેષ, વસુકિ અને તક્ષક, મહામેરુ ઉપર તેત્રીસ કરોડ દેવતા, વૈદૂર્ય નીલ પર્વત પાસે સિધ્ધ અને બ્રહ્મર્ષિ, શ્વેત પર્વત સમીપ દૈત્ય અને દાનવ તથા શૃંગવાન પર્વતની તળેટીમાં પિતર રહેતા હતાં. આ પર્વતીય દિવ્યલોક ઉપરાંત માનુષલોક પણ અતિ વ્યાપક હતો. આ-સેતુહિમાલય-વ્યાપ્ત આ દેશને ભૌગોલિક દૃષ્ટિએ સમજવો તથા તેના બહુસંખ્ય નિવાસીઓની ભાષા, વેશભુષાઓ તથા આચરણ વ્યવહારગત વિશેષતાઓને પૂર્ણપણે જાણવી તથા શાસ્ત્રની દૃષ્ટિએ અંકિત કરવી અત્યંત દુષ્કર કાર્ય હતું. તેની સિધ્ધિ માટે પ્રવૃત્તિતત્વનો આવિષ્કાર કરવામાં આવ્યો. નાટ્યમાં સ્થળકાળની વિશેષતાઓ પ્રમાણે પાત્રની વેશભુષા, રંગભુષા, તથા આચરણગત વિશેષતાઓના નિરુપણમાં પ્રવૃત્તિ તત્વ અત્યંત ઉપયોગી હતું.

## નાટ્યપ્રયોગની દૃષ્ટિએ પ્રવૃત્તિનું મહત્વ

નાટ્યપ્રયોગની દૃષ્ટિએ, પ્રવૃત્તિવિધાનનું અસાધારણ મહત્વ છે. પાત્રોની વેશભુષા, ભાષા, વ્યવહાર વિગેરેની સ્થાનિક -પ્રાદેશિક વિશેષતાઓ નાટ્યમાં દર્શાવવી અભીષ્ટ હોય છે જેનાથી નાટ્યાભિનય યથાર્થ બને છે. રંગમંચ ઉપર અવતરિત થતા પાત્રો કોઇ પ્રદેશવિશેષના હોય છે. એટલે દેશ, કાળ તથા અવસ્થા અનુરુપ તેનો વેષવિન્યાસ

ભાષા અને આચાર વ્યવહાર સંબંધી નિશ્ચિત નિયમો ભરતમુનિએ દર્શાવ્યા છે. એ રુપે પાત્ર પ્રયોજાય ત્યારે તે પાત્ર રસાનુગ્રાહક બને છે. પ્રવૃત્તિ વિધાન ધ્વારા ભરતમુનિએ વિભિન્ન જનપદોમાં પ્રચલિત પ્રવૃત્તિઓના સમાન લક્ષણો ધ્વારા તેમનો સમન્વય સુચવ્યો છે.

પ્રવૃત્તિવિધાનમાં વેશભુષાનો સમાવેશ થતો હોવાથી કેટલાક વિધ્વાનો 'આહાર્ય અભિનય' અંતર્ગત તેનો સમાવેશ કરે છે અને તેમાં પ્રાદેશિક સંસ્કાર, વ્યવહાર અને ભાષા આવરી લે છે જે નાટ્યકારના સુક્ષ્મનિરીક્ષણને લીધે અભિનયમાં સમાયોજિત કરવું નાટ્યપ્રયોકના માટે આવશ્યક બને છે. નાટ્યકાર પોતાની કૃતિમાં વિભિન્ન પ્રદેશના પાત્રોની સહજ પ્રવૃત્તિ નિરુપે છે. જો નાટ્યકાર તમામ પાત્રોને એકવિધ રીતે નિરુપે તો નાટ્યરસની નિષ્પત્તિ થઇ શકતી નથી. એટલે નાટ્યલેખન સમયે નાટ્યકારે તેમજ નાટ્યપ્રયોગ સમયે નટે પાત્રની વેષ, ભાષા, આચાર, વ્યવસાય ગત જે પ્રાદેશિક લાક્ષણિકતાઓ હોય તેનું નિરુપણ અનિવાર્યપણે કરવું પડે છે.

## પ્રવૃત્તિનો વ્યાપક પરંપરા

'ભરતમુનિના કાળ પૂર્વે પ્રવૃત્તિઓની પરંપરા પ્રચલિત હતી. ભરતમુનિએ તેને શાસ્ત્રીય સ્વરુપ આપ્યું. ભરતમુનિ પછીના આચાર્યોમાં રાજશેખર અને ભોજ વિગેરે આચાર્યોએ પ્રવૃત્તિની ઉપયોગિતા સ્વીકારી તેનું વિવેચન કર્યું છે.

'કાવ્યમીમાંસાકાર' રાજશેખરે વૃત્તિ, પ્રવૃત્તિ અને રીતિ આ ત્રણ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી આપ્યો છે. વૃત્તિમાં શરીરનો 'વિલાસ વિન્યાસક્રમ' પ્રવૃત્તિમાં 'વેશવિન્યાસક્રમ' અને રીતિમાં 'પદવિન્યાસક્રમ'નો સમાવેશ થાય છે. વસ્તુત: ભરતમુનિના વૃત્તિવિધાન નિરુપણમાં રીતિનો સમાવેશ થઇ જાય છે, કારણ કે વૃત્તિઓમાં ભારતી વાગ્વ્યાપાર પ્રધાન હોય છે. પ્રવૃત્તિ મુખ્યપણે બાહ્ય વેશભુષા, ભાષા તથા આચાર વ્યવહારથી સંબંધ ધરાવે છે. વૃત્તિ અંતર્ગત રીતિ અને પ્રવૃત્તિનો સમાવેશ થઇ જાય છે કારણ કે મનુષ્યજીવનની આંતર બાહ્ય સમસ્ત પ્રવૃત્તિઓને આવરી લે છે એવું ભોજકૃત શૃંગારપ્રકાશના સંપાદક શ્રી વી. રાઘવનનું મંતવ્ય છે.

રાજશેખરની જેમ 'શૃંગારપ્રકાશ'ના રચયિતા ભોજે પણ 'વેષવિન્યાસ ક્રમ'ને પ્રવૃત્તિ માની છે જ્યારે દશરુપકકાર ધનંજય અને ભાવપ્રકાશનકાર શારદાતનયે દેશ, વેષ, ભાષા અને અન્ય વ્યવહાર રુપે પ્રવૃત્તિનો સ્વીકાર કર્યો છે.

'શૃંગારપ્રકાશ'કાર ભોજે પ્રવૃત્તિઓનું વિસ્તૃત વિવેચન કર્યુ છે. તેમણે વૃત્તિઓનું વિવેચન કરતી વેળા ચાર પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કર્યો છે. અને પાંચ સંધીઓનું વિવેચન કરતી વેળા પાંચ પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કર્યો છે. તેમના ધ્વારા જણાવવામાં આવેલી પાંચમી પ્રવૃત્તિ તે પૌરસ્ત્યા જેનો ઉલ્લેખ ભરતમુનિએ કર્યો નથી. આ પૌરસ્ત્યા પ્રવૃત્તિ, પૂર્વીય દેશોનો સંકેત કરે છે. પરંતુ પૂર્વના દેશોનો સંકેત કરતી 'ઔડ્રમાગધી' પ્રવૃત્તિનો ઉલ્લેખ પણ ભોજે કર્યો છે જે 'નાટ્યશાસ્ત્ર'માં પણ વર્ણવવામાં આવી છે. ભોજે રાજશેખર કૃત કાવ્યમીમાંસાના આધારે પ્રવૃત્તિનિરુપણ કર્યુ છે. રાજશેખરે પાંચાલ મધ્યમા' પ્રવૃત્તિનો ઉલ્લેખ કર્યો છે. એવું બની શકે કે પાંચાલી અથવા પાંચાલ મધ્યમાના સ્થાને ભોજે પૌરસ્ત્યાનો ઉલ્લેખ કર્યો હોય. પાંચાલી અને પૌરસ્ત્યાને એક ગણવાથી પ્રવૃત્તિની સંખ્યા ચારની ચાર રહે છે અને બંનેને અલગ ગણવાથી પાંચની.

ભોજે પ્રવૃત્તિવિધાનમાં વેશભુષાની વિભિન્નતાનું વિવેચન કરતાં જણાવ્યું છે કે, લોકમાં વેશભુષા કેવળ પાત્રની વિભિન્નતાને કારણેજ પરિવર્તિત થતી નથી પરંતુ એકજ પાત્રની વેશભુષા અનેક કારણો તેમજ અવસ્થાઓને લીધે પણ પરિવર્તિત થતી રહે છે. આ કારણો તથા અવસ્થાઓને ભોજે પ્રવૃત્તિ-હેતુ કહયા છે જે ૨૪ જેટલા છે. તદાનુસાર દેશ, કાળ, પાત્ર, વય, શકિત, સાધન, અભિપ્રાય, વ્યાઘાત, વિપરિણામ, નિમિત્ત, વિહાર, ઉપહાર થલ, છન્દ, આશ્રય, જાતિ, વ્યકિત અને વિભવ વિગેરે કારણોને લીધે પાત્રની વેશભુષામાં તફાવત પડે છે - ફેરફાર થાય છે. એટલે નાટ્યપ્રયોગમાં આ લોકાચારનો પ્રયોગ ઉચિત ગણાય છે. (શૃંગારપ્રકાશ'-૧૨ / પૃ.૪૫૭-૬૦)

ભરતમુનિએ 'આહાર્ય અભિનય'અંતર્ગત આ વિષે વિસ્તારપૂર્વક વિવેચન કર્યું છે તેમાં તેમણે જણાવ્યું છે કે વેશભુષા, ભાવ, રસ, દેશ, અવસ્થા અને વય, વિગેરે અનુસાર કથા પરિવર્તન થાય છે.

## પ્રવૃત્તિ વિષે આધુનિકો

પ્રવૃત્તિવિષયક ચર્ચા કરતાં શ્રી જી.કે.ભટ પ્રવૃત્તિને ભાષા, વેષ, વ્યવહાર સંબંધી પ્રાદેશિક લાક્ષણિકતા તરીકે ઓળખાવે છે. નાટ્યના નિર્માતા તથા દિગ્દર્શક તરીકે સૂત્રધારે સ્થાનિક રીતરિવાજો તથા વ્યવહાર સાથે પરિચય કેળવી પોતાના પ્રયોગોને સફળ બનાવવા માટે તેને પ્રાદેશિક રુચિ અનુસાર રજુ કરવો જોઇએ. એવો ભરતમુનિનો આગ્રહ હોવાનું તેઓ જણાવે છે. ભરતમુનિએ નાટ્યને લોકવૃત્તનું અનુકરણ કહ્યું છે. જો નાટ્ય 'લોકવૃતાન્ત દર્શક' હોય તો નાટ્ય લેખન તથા નાટ્યપ્રયોગોમાં વાસ્તવિકતાનું તત્વ હોવું અનિવાર્ય બને છે. સંસ્કૃત નાટક આદર્શ અને કલ્પનામય હોવાં છતાં સાંપ્રત વાસ્તવિકતાના વાતાવરણમાં તે રજુ થતાં. પ્રવૃત્તિ આજ સંદર્ભમાં પ્રયોજાઇ છે. આ ઉપરાંત નાટ્યની રજુઆત વિવિધ પ્રદેશો તથા પ્રાંતોમાં થાય છે. જો નાટ્યમાં જે તે પ્રાંતની ભાષા, વેષ, વ્યવહાર, આચારની વિશેષતાઓ વણી લેવામાં આવી હોય તો જે તે પ્રાંતના પ્રેક્ષકોને એ નાટ્ય પોતીકું લાગે છે. પ્રવૃત્તિનું આ દૃષ્ટિએ પણ નાટ્યપ્રયોગમાં મહત્વ છે. ( Theatric Aspects of Sanskrit Drama Page -84)

શ્રી પ્રમોદ કાળે પ્રવૃત્તિને mannerisms અર્થાત પ્રદેશગત આચરણ વ્યવહાર અને વર્તન કહી તેને Representational અર્થાત પ્રતિનિધાનમૂલક જણાવે છે. વિવિધ પ્રાંતના લોકોનાં ભાતીગળ વર્તણુંક, ભાષાવ્યવહાર, વેષ,રીતરિવાજ તથા પરંપરાનો તેમાં સમાવેશ થાય છે. (Theatric Universe Page 38-39)

શ્રી જી.એચ.તારલેકરના મત પ્રમાણે વેશભુષા, ભાષા, વ્યવહાર તથા વ્યવસાયના આધારે વ્યક્તિને ખાસ પ્રાંતના વાસી તરીકે ઓળખી શકાય છે તેને પ્રવૃત્તિ અર્થાત પ્રાદેશિક લક્ષણ local usage કહે છે. (Studies in the NS Page 117)

શ્રી અપ્પારાવ, વેશ, બોલી, આદત, પરંપરા, રીતરિવાજ અને વ્યવસાય ધ્વારા પ્રવૃત્તિ અર્થાત Regional Identity પ્રાદેશિક અસ્મિતાનું જ્ઞાન થાય છે તેવું જણાવે છે. (Bharata's NS Page 57)

શ્રી આદ્ય રંગાચાર્ય પ્રવૃત્તિને Ways of People લોકજીવનની લક્ષણ કહે છે (Introduction to Bharata's NS Page 41)

આમ આધુનિક આચાર્યોએ પાત્રની પ્રદેશગત સ્થાનિક વેશભુષા, ભાષા-બોલી, આચરણ વ્યવહાર વર્તન, વ્યવસાય તથા રહેણીકરણી-રીતરિવાજો, પરંપરા સંબંધી લાક્ષણિકતાઓને 'પ્રવૃત્તિ' તરીકે સ્વીકારી છે અને નાટ્યપ્રયોગને વાસ્તવિક બનાવવામાં તેમજ સ્થાનિક પ્રેક્ષકોની રુચિને સંતર્પક બનાવવામાં પ્રવૃત્તિનો ફાળો અનિવાર્ય માન્યો છે.